હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સર, આ રસોઇયો ટામેટા વગરની સબ્જી બનાવવાનો નિષ્ણાંત છે... પગાર ગમે તે માંગે પણ આપણને ફાયદો જ થશે...!!

સે-૧૪ ની મહિલા સાથે ૩.૮૪ હજારની છેતરપિંડી

નોકરીની લાલચ આપી, ઠગ શખ્સ યુ ટયુબની લીંક લાઈક કરાવી મહિલાના એકાઉન્ટમાં ૩.૨૦૦ જમા બાદ શખ્સે ૩.૮૪ હજારનું ફુલેકુ ફેરવ્યું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ એમઆઈજી ખાતે રહેતી મહિલાને નોકરીની લાલચ આપી બે ટેલીગ્રામ ગ્રુપમાં એડ કરી યુટયુબની લીંક લાઈક કરાવી મહિલાના એકાઉન્ટમાં રૂ.૨૦૦ જમા કરાવ્યા હતા. ત્યારબાદ મહિલાએ ઠગ શખ્સના કહેવા મુજબ વિવિધ ટ્રાન્ઝેકશન કરાવીને રૂ.૮૩,૯૦૦ ની છેતરપિંડી અને વિશ્વાસઘાતની સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

જેથી સાયબર પોલીસ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો થકી ઠગ શખ્સો કેવી રીતે અવનવા પેંતરા રચી ઓનલાઈન છેતરે છે તેની માહિતી આપે છે. તેમ છતા નાગરીકો છેતરાય છે. ત્યારે શહેરના સેકટર-૧૪ એમઆઈજી ખાતે ૪૨ વર્ષિય મહિલાને અજાણ્યા નંબરથી ઘરે બેઠા જોબ મેળવવા સંપર્ક કરોના શિર્ષકથી વોટસએપ મેસેજ આવ્યો હતો. આથી નિતાબેન સામે મેસેજ કરીને વાતચીત કરી હતી. જેથી સામાવાળા શખ્સે તેમને ટેલીગ્રામ એકાઉન્ટમાં જોડાઈ જવા કહ્યું હતું. જેથી કહેવા મુજબ બિઝનેસ મેનેજર આર ૦૧ નામના ટેલીગ્રામ ગ્રપુમાં જોઈન થઈ ગયા હતા. ત્યારે નીતા પરીખ નામની વ્યકિત ટેલીગ્રામ ગ્રુપ મારફતે સંપર્ક થયો હતો.જેણે બેંકના ખાતાની વિગતો મેળવી એક યુ-ટયુબના વિડીયોને લાઈક કરવાનું કહેતા મહિલાએ વિડીયો લાઈક કરતા રૂ.૨૦૦ એકાઉન્ટમાં જમા થયા હતા. દિવસમાં બે ત્રણ વાર ૨૦૦-૨૦૦ રૂપીયા જમા થતા મહિલાને વિશ્વાસ આવી ગયો હતો. બાદમાં તેમની જુદી જુદી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ જણાવી લીંક મોકલવામાં આવી હતી. એટલે મહિલાએ રૂ.૫ હજાર યુપીઆઈ થકી તેજસ જગદીશ નલે નામના વ્યકિતના ખાતામાં ટ્રાન્સફર કરી સ્કિન શોટ પણ મોકલી આપ્યો હતો. જેના થોડા વખથ પછી તેમને એક ટેલીગ્રામના નવા ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. જેનુ ગ્રુપ આઈડી વીઆઈપી...૧૭ હતું. આ મેસેજ થી તમારે ઓનલાઈન ટાસ્ક ઓપરેટ કરવુ અને અમારી સુચના મુજબ કામગીરીનહી કરો તો તમને નુકશાન જ એવો ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ મોકલી આપેલ લીંક ઉપર કલીક કરતા જ મહિલા બીટી, સીયુ,એચડીટીની વેબ સાઈટ પર લોગીન થયા હતા. ત્યારપછી મળતી સુચના મુજબ હોલ્ટ રહી જણાવ્યા મુજબ ખરીદ વેચાણ કરતા હતા. ત્યારબાદ પ્રોસેસના સ્કીન શોર્ટ મહિલા ગ્રુપમાં મોકલતા હતા.ત્યારે મુખરજી મોહંતી નામના વ્યકિતએ ટેલીગ્રામ ગ્રુપમાં જણાવેલકે તમોએ કરેલા ટાસ્કમાં એરર આવેલ છે. જેના માટે તમારે બીજો ટાસ્ક લેવો પડશે. જે ટાસ્કને પૂર્ણ કરવા માટે ઈન્વેસ્ટમેન્ટ કરવુ પડશે તેમ જણાવી સ્કીમ મુજબ પૈસાનું અલગ અલગ રોકાણ કરાવ્યું હતું. જો કે ફરીવાર ટાસ્કમાં એરર હોવાનું કહી શર્મા એન્ટરપ્રાઈઝ, ઈલગ ઓવરસીસ સહિતના નામોના આઈડીમાં ટુકડે ટુકડે મહિલાએ તબક્કાવાર રૂ.૮૩, ૯૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તમામ નંબર બંધ થઈ જ મહિલાને છેતરપિંડી થયાનો અહેસાસ થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

ચેખલારાણી ગામે મેરી માટી મેરા દેશ અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો

ચેખલારાણી ગામે મેરી માટી મેરા દેશ અંતર્ગત દેશની માતૃ ભૂમિ રક્ષા કરનાર વીર જવાનો ને યાદ કરી શીલા ફલકમનું અનાવરણ ધ્વજવંદન વસુધરા ને વંદન બાળકો ત્રિરંગા સાથે દેશ ભક્તિ ના નારા અનેસુત્રો બોલાવતા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યુ જેમાં ચિલોડા પોલીસ કમી એ ઉત્સાહભેર ઉજવણી માં ભાગ લીધો

સિવિલમાં સર્જરી વિભાગ દ્વારા વિદેશી વિદ્યાર્થીનું સફળ ઓપરેશન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં અભ્યાસઅર્થે આવેલા ઝીમ્બાબ્વેના વિદ્યાર્થીનું જટીલ ઓપરેશન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું છે. દર્દીના શરીરમાં દુરબીન ઉતારીને લેપ્રોસ્કોપીથી આ વેરીકોલીસનું જટીલ ઓપેરશન બાદ વિદેશી વિદ્યાર્થી સ્વસ્થ થઈ જતા તેને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવી છે.ત્યારે એકપણ રૂપીયાના ખર્ચ વિના વિદ્યાર્થીની સફળ શસ્ત્રક્રિયા થઈ જતા તેના ચહેરા પર આનંદ છવાયો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવ થી માંડીને હિમોડાયાલીસીસ અને કિમોથેરાપીની પણ સારવાર થતા દર્દીઓ ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર માટે આવી રહ્યા છે. ત્યારે હોસ્પિટલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે.

ત્યારે ગાંધીનગરના શહેરીજનો સિવાય આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે. ત્યારે તાજેતરમાં સિવિલની સર્જરી ઓપીડીમાં શહેરમાં રહીને અભ્યાસ કરતો ઝીમ્બાબ્વેનો વિદ્યાર્થીને શરીરમાં તકલીફ થતા નિદાન માટે આવ્યો હતો. ડોકટર દ્વારા તપાસ કરતા તેને વેરીકોસીલ હોવાનું એટલે કે પેશાબના ભાગની નીચે નશો ચઢી ગઈ હોવાનું ડાયગ્નોસ તબિબ દ્વારા કરવામાં આવ્યું હતું. દર્દીને સર્જરી જરુરી હોવાનું જણાવ્યું હતું.ત્યારે દર્દીએ ગાંધીનગર સિવિલમાં જ સર્જરી માટે આગ્રહ રાખ્યો હતો.

ત્યારે સર્જરી વિભાગના ડો.હીરેન પરમાર અને તેમની ટીમ દ્વારા વિદેશી વિદ્યાર્થીનું જટીલ અને સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

આ ઓપરેશનમાં આસી.ડો.સુધીર અને ડો.દર્શન સહિત નર્સિંગ સ્ટાફ તેમજ વર્ગ-૪ ના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

સિવિલમાં ૧ ઉમીએ ઈ-લોકાર્પણથી એમ.આર.આઈ. મશીનનુ ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની બિલ્ડીંગના ભોંયતળીયે એમ.આર.આઈ. મશીન ફીટ કરવામાં આવ્યુ છે. આ મશીનનો ટ્રાયલ રન પણ તાજેતરમાં લેવામાં આવ્યો હતો. ત્યારે એમ.આર.આઈ. મશીનનું આગામી તા. ૧૩ ઓગષ્ટ રવિવારના રોજ ઈ-લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવશે.

દુબઈ આયોજીત ઈન્ટરનેશનલ પાવરલીફટીંગ સ્પર્ધામાં

મહિલા પોલીસ કર્મચારીએ બેચપ્રેસ-ડેડલીફટમાં ગોલ્ડમેડલ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય પોલીસ પ્રભાગમાં ગાંધીનગર જિલ્લા પોલીસમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરજ બજાવતી મિતલબા કાન્તીલાલ પરમાર દ્વારા રો વર્લ્ડ પાવરલીફટીંગ ફેડરેશન યુ.એસ.એ. તથા રો વર્લ્ડ પાવરલીફટીંગ ફેડરેશન યુ.એ.ઈ. દ્વારા દુબઈ ખાતે તા. ૨૧-૭-૨૦૨૩ થી તા. ૨૨-૭-૨૦૨૩ દરમ્યાન આયોજીત થયેલ ઈન્ટરનેશનલ પાવરલીફટીંગ કોમ્પીટીશન-૨૦૨૩માં બેચપ્રેસ તથા ડેડલીફટ ઈવેન્ટમાં પ્રથમ ક્રમે વિજેતા બની બે ગોલ્ડ મેડલ મેળવી, સ્ટ્રોંગ વુમનનો ખીતાબ મેળવી, ગુજરાત પોલીસનું નામ રોશન કરેલ છે. મિતલબા કે જેઓ ગુજરાત પોલીસ વતી રેસલીંગ, પાવરલીફટીંગ, આર્મ રેસલીંગમાં આંતરરાષ્ટ્રીયકક્ષા, નેશનલકક્ષા તથા રાજ્યકક્ષાએ ભાગ લઈ કુલ ૩૧ મેડલ મેળવવામાં આવેલ છે. જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ ૨ ગોલ્ડમેડલ રાષ્ટ્રીયસ્તરે ભાગ લઈ ૧ સિલ્વર મેડલ તથા ૪ બ્રોન્ઝ મેડલ

તેમજ રાજ્યસ્તરે ૭ ગોલ્ડ મેડલ તથા ૧૦ સિલ્વર મેડલ મળી કુલ ૨૨ મેડલ ઉપરાંત ખેલ મહાકુંભમાં ૫ ગોલ્ડ મેડલ તથા ૩ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરે કુલ ૨ મેડલ, રાષ્ટ્રીય સ્તરે કુલ ૫ મેડલ, રાજ્યસ્તરે કુલ ૧૭ મેડલ તથા ખેલમહાકુંભમાં કુલ ૮ મેડલો સહિત કુલ ૩૨ મેડલ મેળવેલ છે. આમ રાષ્ટ્રીય-રાજ્યસ્તરે યોજાયેલ રેસલીંગ, આર્મ રેસલીંગ તથા પાવરલીફટીંગ અંગેની વિવિધ ઈવેન્ટમાં ભાગ લઈ સિદ્ધિઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવવામાં આવેલ છે. તદુપરાંત ગુજરાત રાજ્ય પોલીસ પ્રભાગના ઈતિહાસમાં રેસલીંગ ક્ષેત્રે એકમાત્ર મહિલા રેસલર તરીકે એવોર્ડ મેળવી રાજ્ય પોલીસ પ્રભાગનું નામ ઉજ્જવળ કરનાર પ્રથમ પોલીસ મહિલા કર્મચારી છે. તેઓ ભારત સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પટીયાલા ખાતે રેસલીંગ (કુસ્તી)ના અધિકૃત કોચ તરીકે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ કોચીસ (એનઆઈએસ) રેસલીંગ તાલીમ કોર્ષ કરી, દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરનાર રાજ્યના એકમાત્ર મહિલા પોલીસ કર્મચારી છે. તેઓ આગામી વર્ષમાં યુ.એસ.એ. ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ વર્લ્ડ પાવરલીફટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર છે.

ગાગરમાં સાગર

દ્વારકાના શંકરાચાર્ય પૂજ્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજીની અમૃતવાણી

● આજકાલ લોકોનું મન મોબાઈલમાં જ સ્થિર થઈ ગયું છે, પરંતુ આવું મન ભગવાનમાંસ્થિર હોવું જોઈએ.

● સાંસારિક વસ્તુઓને જાણવામાં જે ઊર્જા ખર્ચવામાં આવે છે તેના બદલામાં, પરમ તત્વ મેળવવા માટે હૃદયને શુદ્ધ બનાવવું જોઈએ.

● જે પક્ષી માનસરોવરનું પાણી પીવે છે તેને બીજા પાણીની જરૂર રહેતી નથી, તેવી જ રીતે પોતાના ધર્મનું પાલન કર્યા પછી અને સંપૂર્ણ વેદોક્ત શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યા પછી બીજું કંઈ રહેતું નથી.

● એકવાર તુલસીદાસજીને પૂછવામાં આવ્યું કે વશિષ્ઠ રામાયણ, ચતુહ શ્લોકી રામાયણ, વાલ્મીકિ રામાયણ વગેરે છે, તો પછી તમે તુલસી રામાયણની રચના કેમ કરી? તો તુલસીદાસજીએ કહ્યું, 'સ્વંતઃ સુખાય'. મનને એક ક્ષણ માટે પણ શાંત ન રાખો, વ્યક્તિએ સતત ભગવાનનું સ્મરણ કરવું જોઈએ.

● તેના પ્રમુખ દેવતા ગુરુ, શાસ્ત્રોના આદેશોનું પાલન કરીને, એક સદાચારી વ્યક્તિ ફક્ત યજ્ઞ, દાન, જપ, તપ વગેરે જેવા પવિત્ર કાર્યોમાં ધા
ર્મિક લાભો પ્રાપ્ત કરે છે. તે પૈસા, જમીન વગેરે સંપત્તિની લાલસા રાખતો નથી.

● દરેક જીવે ક્રિયાઓ કરવાની હોય છે પરંતુ ભગવાને પોતાના કાર્યોના પરિણામની પ્રાપ્તિ પોતાની પાસે રાખી છે. આપણે નિઃસ્વાર્થ કાર્ય કરવું જોઈએ, નહીં તો આપણે વારંવાર જન્મ લેવો પડશે.

અધિક શ્રાવણ માસ નિમિત્તે દ્વારકામાં દરરોજ યોજાતા
સંકલન - રોહિત દવે

સે-૨૧ ધ બીસ્ટ હાઉસમાંથી ચોરી કરનાર બે શખ્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૨૧ સ્થિત ધ બીસ્ટ હાઉસ નામની રેડીમેડ ગારમેન્ટની દુકાનમાંથી જીન્સ પેન્ટ, શર્ટ, ટી-શર્ટ મળી કુલ રૂ.૧.૨૦ લાખની ચોરી મત્તાની ચોરી થઈ હતી. ત્યારે એલસીબી-૨ પોલીસે ચોરી કરનાર બે આરોપીને ઝડપી પાડી ૪૧ જોડ કપડા, મોબાઈલ ફોન નંગ-૨ તેમજ બાઈક મલી કુલ રૂ.૮૨ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ કપડા ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો છે. જયારે પોલીસે ઘનિષ્ટ પુછતાછ કરતા પૂર્વ કર્મચારી આરોપીઓએ સેકટર-૨૧ શોંપીગ સેન્ટરમાં આવેલી ધ બીસ્ટ કપડાની દુકાનમાંથી રાત્રીના સાડા ત્રણ વાગે ચોરીને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પાશ્વનાથ હોમ્સમાં રહેતા ગાર્વિનકુમાર દિનેશકુમાર પરમાર સેકટર-૨૧માં રેડીમેડ ગારમેન્ટધ બીસ્ટ હાઉસ નામની કપડાની દુકાન ચલાવે છે. ગઈકાલે અગીયાર વાગે તેમના નાનાભાઈ કેયુરે ફોન કરીને દુકાનમાં કપડાની ચોરી થઈ હોવાની જાણ કરી હતી. જેથી ગાર્વિનકુમારે સેકટર-૨૧ દુકાન ખાતે દોડી આવ્યા હતા. જયારે દુકાનમાં અંદર નજર કરતા સામાન અસ્ત વ્યસ્ત પડ્યો હતો. દુકાનમાં રાત્રે કોઈ આવ્યું હોવાનું લાગતુ હતું.જેથી તેઓએ સીસીટીવી લગાવેલા હોવાથી ચેક કરતા રાત્રીના સાડા ત્રણ વાગ્યા થી સાડા ચાર વાગ્યા સુધી કેમેરા બંધ હોવાનું સામે આવ્યું હતું. જયારે દુકાનમાં કપડાની ગણતરી કરતા જીન્સ પેન્ટ નંગ-૭૦, શર્ટ-૫૫, ટીશર્ટ-૬૦ મળીને કુલ રૂ.૧.૨૦ લાખના કપડાની ચોરી થઈ હતી. ત્યારબાદ દુકાનની આસપાસની અન્ય દુકાનના સીસીટીવી કેમેરા ચેક કરતા એક ઈલેક્ટ્રીકના ગોડાઉનના કેમેરામાં બે શખ્સો રાત્રીના ૩.૫૫ વાગે દુકાનનું શટર ખોલી અંદર પ્રવેશી ચોરી કરતા આબાદ કેદ થયા હતા. સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા એલસીબી-૨ ની પોલીસની વિવિધ ટીમો કામે લાગી હતી. એલસીબી-૨ પીએસઆઈ કે.કે.પાટડીયાની ટીમના જવાનો સાથે ફુટેજ ચેક કરી માહિતી એકઠી કરી રહ્યા હતા. તે સમયે એએસઆઈ હરદેવસિંહ દલપતસિંહને બાતમી મળી હતી. જેને પગલે સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ પાસેથી ચોરીને અંજામ આપનાર ઉકત દુકાનમાં ત્રણ માસ અગાઉ નોકરી કરતા નરેશસિંહ ઉર્ફે ધવલસિંહ નટવરસિંહ વાઘેલા (રહે.અંબિકાનગર-૩૧૧ લેકાવાડા ગામ), અને રાહુલ રમેશ દંતાણી (સેકટર-૨૦ છાપરા), ને પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી બાઈક નં. જી.જે.૧૮. ડી.બી.-૬૨૯૯, બે મોબાઈલ ફોન કિં.૬ હજાર, રેડીમેડ કપડા નંગ-૪૧ જોડ મળી કુલ રૂ.૮૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કપડા ચોરીનો ગુનો ગણતરીના સમયમાં એલસીબી-૨ પોલીસે ઉકેલી દીધો છે.

ડભોડા ખાતે આધેડને મહિલાએ છરી મારતાં ફરીયાદ

ગાંધીનગર,તા.૧૦

ડભોડા ગામના આધેડને નદીના ગરનાળા પાસે આંતરી તું આવતા જતા મારી સામે કેમ જુએ છે કહી બે શખ્સોએ પકડી રાખતા મહિલાએ આધેડને છાતીમાં છરી મારતા ચકચાર મચી જવા પામી છે. બનાવમાં ગંભીર રીતે ઈજગ્રસ્ત આધેડને સારવાર માટે તાત્કાલીક અમદાવાદ સિવિલ ખસેડાયા છે.જયારે ડભોડા પોલીસે ત્રણ વ્યકિતને પકડી પાડી હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડભોડા ગામના લાખાભા ના વાસ ખાતે રહેતા અમરસિંહ હોથાજી પરમારે (ઠાકોર) ફરીયાદ નોંધાવી છે કે તેમના નાના ભાઈ ગોગજીની પત્ની સીતાબેન આશરે પાંચ વર્ષ અગાઉ મરણ ગયેલ છે. તેઓની ત્રણેય દિકરીના લગ્ન થઈ ગયા છે. જયારે ગોગાજી અલગ રહી કડીયાકામ કરે છે.ગતરોજ સાંજના સાત વાગે કૌંટુબીક ભત્રીજા એ ઘરે આવીને કહ્યું કે ગુગાકાકાને કોઈએ ચપ્પુ માર્યું છે. તેઓ નદી પાસે ગરનાળામાં પડ્યા છે. આ સાંભળીને અમરસિંહ સ્થળ પર દોડી ગયા હતા. ત્યાં ગ્રામજનોની ભીડ એકઠી થઈ હતી. જયારે ગુગાજીને છાતીમાં જમણી બાજુના ભાગે પુષ્કળ લોહી નીકળતુ હતું. આ બાબતે પુછતા ગુગાજીએ કહ્યું કે પોતે જેકાના વડે હાજર હતો. તે સમયે વડોદરા ગામના રીટાબેન બુધાજી ઠાકોર તેના હાથમાં ચપ્પુ લઈ તેમજ કોકીલા બેન ચંદ્રેશભાઈ ઠાકોર તેમજ શૈલેષજી મફાજી ઠાકોર હાથમાં લાકડીઓ લઈને આવ્યા હતા.ત્યારબાદ રીટાબેને તું આવતા જતાઅમારી સામે કેમ જુએ છે તેમ કહી જેમ ફાવે તેમ ગાળાગાળી કરી આજે તો તને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કોકિલાબેન અને શૈલેષજીએ તેને પકડી રાખતા રીટાબેને તેના હાથમાં રહેલુ ચપ્પુ છાતીમાં માર્યું હતું. જયારે કોકિલા અને શૈલેષજી લાકડી વડે માર મારતા હતા. ત્યારે ડભોડા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ત્રણેય હુમલાખોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીચર્સ ઈન્સ્ટીટ્યુટ અડાલજ ખાતે EYE CHECK UP CAMP નું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીચર્સઈન્સ્ટીટ્યુટ, અડાલજના NSS CELL દ્વારા EYE CHECK UP CAMPનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૦ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ યોજાયેલા આ કેમ્પમાં 'તેજ આઈ સેન્ટર' ગાંધીનગર ખાતેથી OPTHALMOLOGISTS આવ્યા હતા. જેઓએ અત્યારના સમયગાળામાં ખુબ ઝડપથી ફેલાઈ રહેલા CONJUCTIVITIS ના લક્ષણો, EYE DRYNESS તથા આંખના નંબરનું ચેકઅપ કર્યુ હતુ તથા આંખોની દૃષ્ટિ સુધારવા તથા CONJUCTIVITIS થી બચવા માટેના ઉપાયો માટેનું જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ કેમ્પમાં ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૩૦ જેટલા સ્ટાફ મિત્રોએ EYE CHECK UP કરાવ્યું હતું.

યુવકને એકાઉન્ટ સાથે પાન કાર્ડ લીંકના મુદ્દે ઠગે ૩.૩.૮૫ લાખનો ચુનો ચોપડ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના અડાલજ ખાતે રહેતા યુવકને ખાનગી બેંકના કર્મચારી તરીકે ઓળખ આપી બેંકના ખાતા સાથે પાનકાર્ડ લીંક કરવાના મુદ્દે પાનકાર્ડ અને ઈમેલ આઈડીના આધારે બારોબાર પર્સનલ લોન મંજુર કરાવી લઈ રૂ.૩,૮૫,૦૩૪ લાખનું ફુલેકું ફેરવતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના અડાલજ શિવપુરી હુડકો પાસે ગુડા આવાસમાં ભરતસિંહ લક્ષ્મણસિંહ રાજપુત નિરમા યુનિવર્સિટીની બાજુમાં આવેલી એટીએસની ઓફિસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧-૮-૨૩ ના રોજ ભરતના મોબાઈલ ઉપર કોઈ અજાણ્યા શખ્સે ફોન કરીને ખાનગી બેંકમાંથી બોલી રહ્યો હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ યુવકને બેંક એકાઉન્ટ સાથે પાનકાર્ડ લીંક કરવાની વાત કરી હતી.જેથી યુવકે પોતાનો પાનકાર્ડ નંબર અજાણ્યા યુવકને આપી દીધો હતો. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ તેના મોબાઈલ ઉપર મેસેજ આવ્યો કે બેંક એકાઉન્ટમાંથી રૂ.૨૫ હજાર અને રૂ.૧૬ હજાર પેટીએમ વોલેટમાંથી કપાઈ ગયા હતા. બેંકમાંથી અચાનક પૈસા કપાતા યુવક ચોંકી ઉઠ્યો હતો. યુવકે આવેલા બે મેસેજ વાંચી રહ્યો હતો તે સમયે ફરીવાર એક મેસેજ આવ્યો કે તેના એકાઉન્ટમાંથી રૂ.૩.૮૪ લાખનું બેલેન્સ જમા થયું છે.તે મેસેજ યુવક શાંતિથી વાંચી રહ્યો હતો.તે સમય દરમિયાન તેની બહેનનો ફોન આવ્યો કે તેણે રૂ.૪૧ હજાર ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું. ત્યારે સવારે જ પગાર જમા થઈ ગયો હોવાથી ભરતે ફોન પે થી તેની બહેનને પૈસા મોકલી આપ્યા હતા.ત્યારબાદ તેના એકાઉન્ટમાંથી તબક્કાવાર રૂ.૧.૮૮ લાખ અને ત્રણવાર રૂ.૪૯,૫૦૦ મળી કુલ ચાર વાર પૈસા કપાઈ ગયા હતા.આ મુદ્દે તપાસ કરતા યુવકના બેંક એકાઉન્ટમાંથી પર્સનલ લોન થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી યુવક પણ ચિંતાગ્રસ્ત બન્યો હતો.બેંકમાં વિગતવાર તપાસ કરતા જાણવા મળ્યુ કે અજાણ્યા શખ્સે તેના ખાતામાંથી પર્સનલ લોન કરી હતી. નવું ઈમેલ આઈડી બનાવી ભરતના એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા હતા. ત્યારબાદ પેટીએમ વોલેટથી ઉપાડી પણ લીધા હતા.સાયબર ક્રાઈમમાં થયેલી ફરીયાદને પગલે અડાલજ પોલીસે ગુનો નોંધાયો છે.

મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત રેલીનું આયોજન

ગાંધઈનગર,તા.૧૦

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન દ્વારા આહવાન પર રેલીનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત દત્તક લીધેલ ગામોની મોતીપુરા પ્રાથમિક શાળાન વિદ્યાર્થીઓ સાથે કરવામાં કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક શાળાના લગભગ ૧૫૦ વિદ્યાર્થી ભાઈ અને બહેનોએ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માટે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સાહેબ સ્વય સેવકોને યોગ્ય માર્ગદર્શન આપ્યો હતો સ્વય સેવકો શાળાઓમાં જઈ વડાપ્રધાન દ્વારા આપેલા આહવાન મેરી માટી મેરા

દેશ કાર્યક્રમ અને આઝાદીનાં અમૃત મહોત્સવ કાર્યક્રમની વાતો રેલી દ્વારા જન સમુદાય સુધી પહોંચાડવામાં આવ્યું હતું. વિશેષમા આ સંપૂર્ણ રેલી કાર્યક્રમનું આયોજન સંસ્થાના રાસેયોન સ્વય સેવક ચિરાગ ઓડ, પ્રતિક ભટ્ટ, નરેશ ઠાકોર, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું